Tuesday
16.05.2023
*Volume :7 * Issue No.287

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

# કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

To,

*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)
*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



# સરકારનું સૌથી શકિતશાળી અંગ સંસદ છે અને તેની તાકાત કાયદો છે, કોઈપણ દેશને સારી રીતે ચલાવવા માટે કાયદાકીય મુસદ્દો બનાવવો એ સૌથી મહત્વપૂર્ણ પદ્ધતિ છે

## કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં સંસદ, રાજ્ય વિધાનસભાઓ અને વિવિધ મંત્રાલયોના અધિકારીઓ માટે PRIDE અને ICPS દ્વારા આયોજિત લેજિસ્લેટિવ ડ્રાફ્ટિંગ પરના તાલીમ કાર્યક્રમનું ઉદ્દઘાટન કર્યું

**છેલ્લા ૯ વર્ષમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં કાયદાના ક્ષેત્રમાં ઘણું કામ થયું છે, મોદી સરકારે દેશના હિતમાં સમયને અનુરૂપ ઘણા કાયદા પણ બનાવ્યા છે**



**લેજિસ્લેટિવ ડિપાર્ટમેન્ટનું કામ રાજકીય ઇચ્છાશક્તિ, લોકોની સમસ્યાઓના નિરાકરણના માર્ગો અને દેશની વિવિધ જરૂરિયાતોને કાયદાના રૂપમાં આપવાનું છે અને તેથી જ મુસદ્દો તૈયાર કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે**



**સંસદ અને લોકોની ઈચ્છાનું કાયદામાં ભાષાંતર કરતી વખતે બંધારણ, રિવાજો, સંસ્કૃતિ, ઐતિહાસિક વારસો, શાસન વ્યવસ્થા, સમાજ, દેશના સામાજિક-આર્થિક વિકાસ અને આંતરરાષ્ટ્રીય સંધિઓનું ધ્યાન રાખવાની જરૂર છે**

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં સંસદ, રાજ્ય વિધાનસભાઓ, વિવિધ મંત્રાલયો, વૈધાનિક સંસ્થાઓ અને અન્ય સરકારી વિભાગોના અધિકારીઓ માટે PRIDE અને ICPS દ્વારા આયોજિત લેજિસ્લેટિવ ડ્રાફ્ટિંગ પરના તાલીમ કાર્યક્રમનું ઉદ્દઘાટન કર્યું હતું. આ પ્રસંગે લોકસભા અધ્યક્ષ શ્રી ઓમ બિરલા, કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ જોશી, શ્રી અર્જુન રામ મેઘવાલ અને કેન્દ્રીય ગૃહ સચિવ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી અમિત શાહે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે કાયદાકીય મુસદ્દો એ આપણી લોકશાહીનું એક નિર્ણાયક ઘટક છે અને તેના વિશેની જાણકારીનો અભાવ માત્ર કાયદાને જ નહીં, પરંતુ સમગ્ર લોકશાહી પ્રણાલીને નબળો પાડે છે અને તે ન્યાયતંત્રની કામગીરીને પણ અસર કરે છે. તેમણે કહ્યું કે કોઈપણ લોકતાંત્રિક દેશ માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે તેનો કાયદાકીય મુસદ્દો બનાવવાનું કૌશલ્ય અપગ્રેડ થતુ રહે અને સમય સાથે વધુ કાર્યક્ષમ બને. કેન્દ્રીય ગૃહ મંત્રીએ સ્વાતંત્ર્ય સેનાની સુખદેવને તેમની જન્મજયંતિ પર અને ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી ભૈરોન સિંહ શેખાવતને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ભારતીય લોકશાહીને વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ઓળખવામાં આવે છે અને એક રીતે જોઈએ તો ભારતમાં લોકશાહીનો જન્મ ભારતમાં જ થયો હતો. તેમણે કહ્યું કે અમે ભારતભરની લોકશાહીની પરંપરાઓને સમાવી લીધી છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, ભારતનું બંધારણ વિશ્વનું સર્વશ્રેષ્ઠ બંધારણ માનવામાં આવે છે અને જે લોકોએ આપણું બંધારણ ઘડ્યું છે તેઓએ તેમાં દેશના પરંપરાગત લોકતાંત્રિક મૂલ્યોને સમાવી લીધા છે એટલું જ નહીં, તેને સમકાલીન સમયની જરૂરિયાતો અનુસાર આધુનિક બનાવવાનો પ્રયાસ પણ કર્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રીએ જણાવ્યું હતું કે લોકશાહીના ત્રણ મુખ્ય સ્તંભો છે - ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર અને આપણા બંધારણના ઘડવૈયાઓએ આ ત્રણેય સ્તંભો પર આપણી સમગ્ર લોકશાહી શાસન વ્યવસ્થાનું નિર્માણ કર્યું છે. તેમણે કહ્યું કે આ ત્રણેય પ્રણાલીઓના કાર્યોને અસરકારક રીતે વિભાજિત કરવામાં આવ્યા છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, વિધાનસભાનું કાર્ય લોક કલ્યાણ અને લોકોની સમસ્યાઓને ધ્યાનમાં લેવાનું અને કાયદાકીય પ્રક્રિયાઓને અનુસરીને ઉકેલ શોધવાનું છે. તેમણે કહ્યું કે સંસદ વૈશ્વિક સ્તરે વિવિધ ક્ષેત્રોમાં જોવા મળી રહેલા ફેરફારોની ચર્ચા કરે છેઅને તે મુજબ નવા કાયદાઓ ઘડે છે અને આપણી સિસ્ટમને વધુ સુસંગત બનાવવા જૂના કાયદાઓમાં સુધારો કરે છે. પરિણામે, નવા ઘડવામાં આવેલા કાયદાની ભાવનાને અનુસરીને, કારોબારી તેના અમલીકરણનું કાર્ય કરે છે. શ્રી શાહે જણાવ્યું હતું કે વિવાદના કિસ્સામાં કાયદાનું અર્થઘટન કરવા માટે આપણા દેશમાં ન્યાયતંત્ર સ્વતંત્ર રીતે કામ કરે છે. તેમણે કહ્યું કે આપણા બંધારણ ઘડનારાઓએ આપણી સમગ્ર લોકતાંત્રિક વ્યવસ્થામાં આ ત્રણ સ્તંભોની ભૂમિકાઓ વહેંચી છે. શ્રી અમિત શાહે કહ્યું કે વિધાન વિભાગનું કાર્ય સંસદ અને કેન્દ્રીય મંત્રીમંડળની રાજકીય ઈચ્છાશક્તિને કાયદામાં ઘડવાનું છે. તેમણે કહ્યું કે વિધાન વિભાગનું કાર્ય રાજકીય ઈચ્છાશક્તિ અને લોકોની સમસ્યાઓ અને દેશની વિવિધ જરૂરિયાતોના ઉકેલ માટેના માર્ગોને કાયદાકીય સ્વરૂપ આપવાનું છે અને આ કારણોસર, ડ્રાફ્ટિંગને ખૂબ મહત્વ મળે છે. શ્રી શાહે જણાવ્યું હતું કે જો ડ્રાફ્ટિંગ વધુ સારું હશે, તો વહીવટી તંત્ર દ્વારા ભૂલોની ન્યૂનતમ તકો સાથે કાયદા વિશે શિક્ષિત કરવાનું સરળ બનશે. તેમણે કહ્યું કે જો ડ્રાફ્ટિંગમાં ગ્રે વિસ્તારો છોડવામાં આવશે, તો તે અર્થઘટનમાં અતિક્રમણ તરફ દોરી જશે, જ્યારે, જો ડ્રાફ્ટિંગ પૂર્ણ અને સ્પષ્ટ હશે, તો તેનું અર્થઘટન પણ સ્પષ્ટ થશે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે સંસદ સરકારનું સૌથી શક્તિશાળી અંગ છે અને તેની તાકાત કાયદો છે. તેમણે કહ્યું કે કોઈપણ દેશને સારી રીતે સંચાલિત કરવા માટે કાયદાકીય મુસદ્દો સૌથી મહત્વપૂર્ણ પદ્ધતિ છે. શ્રી શાહે કહ્યું કે સંસદ અને લોકોની ઈચ્છાનું કાયદામાં ભાષાંતર કરતી વખતે ઘણી બાબતોને ધ્યાનમાં લેવી પડે છે, જેમ કે, બંધારણ, રિવાજો, સંસ્કૃતિ, ઐતિહાસિક વારસો, શાસનનું માળખું, સમાજ, દેશનો સામાજિક-આર્થિક વિકાસ અને આંતરરાષ્ટ્રીય સંધિઓ. શ્રીશાહે કહ્યું કે લેજિસ્લેટિવ ડ્રાફ્ટિંગ એ કોઈ વિજ્ઞાન કે કળા નથી, પરંતુ તે એક કૌશલ્ય છે જેનો ઉપયોગ ભાવના સાથે કરવો જોઈએ. તેમણે કહ્યું કે ધ્યાન હંમેશા ગ્રે વિસ્તારોને ઘટાડવા પર હોવું જોઈએ અને કાયદો સ્પષ્ટ હોવો જોઈએ. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે સરકારી નીતિઓને કાયદામાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા દરમિયાન જૂના અને ઓછામાં ઓછા વિવાદાસ્પદ કાયદાઓનો અભ્યાસ કરવો જરૂરી છે. તેમણે કહ્યુંકે લેખનએક કૌશલ્ય છે અને વિરામચિહ્નોનો ઉપયોગ કાયદાકીય મુસદ્દામાં ખૂબ કાળજી અને કુશળતા સાથે થવો જોઈએ. આ ઉપરાંત, ડ્રાફ્ટ્સમેનને પણ ભાષા પર સારી આજ્ઞા હોવી જોઈએ કારણ કે તે આપણી ભાષાની ભાવનાને પ્રતિબિંબિત કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે દરેક ભાષાની એક મર્યાદા હોય છે અને માત્ર શબ્દોના અનુવાદથી કામ નહીં ચાલે, ભાવનાનું ભાષાંતર કરવું જોઈએ.કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે ક્ષમતા નિર્માણ એ એક સતત પ્રક્રિયા છે અને સંસદના દરેક વિભાગ, રાજ્યોની રાજ્ય વિધાનસભામાં કાયદો-મુસદ્દો તૈયાર કરનાર ટીમની કુશળતાને અપગ્રેડ કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે દુનિયા ખૂબ જ ઝડપથી બદલાઈ રહી છે અને આપણે બદલાતી દુનિયા સાથે તાલ મિલાવીને આપણા કાયદાને પણ આજની જરૂરિયાતો અનુસાર ઘડવાના છે.તેમણે કહ્યું કેજો આપણે એટલા ખુલ્લા નહીં રહીએ તો આપણે અપ્રચલિત અને અપ્રસ્તુત બની જઈશું. શ્રી અમિત શાહે કહ્યું કે મુસદ્દો શક્ય તેટલા સરળ અને સ્પષ્ટ શબ્દોમાં બનાવવો જોઈએ કારણ કે ચીલાચાલુ શબ્દોમાં તૈયાર કરાયેલ કાયદો હંમેશા વિવાદ પેદા કરે છે. તેમણે કહ્યું કે કાયદો જેટલો સરળ અને સ્પષ્ટ શબ્દોમાં છે તેટલો જ તે નિર્વિવાદ રહે છે. શ્રી શાહે કહ્યું કેઅદાલતોને હસ્તક્ષેપ કરવાની જરૂર ન પડે એવો કાયદો બનાવવો એ સારા કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટેનો ચંદ્રક છે. તેમણે કહ્યું કે આપણો ઉદ્દેશ્ય સરળ અને સ્પષ્ટ ભાષામાં કાયદાનો મુસદ્દો તૈયાર કરવાનો હોવો જોઈએ. કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીએ જણાવ્યું હતું કે શ્રી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બન્યા ત્યારથી સરકારે કાયદાના ક્ષેત્રમાં ઘણું કામ કર્યું છે અને ૨૦૧૫ થી અત્યાર સુધીમાં સરકારે હજારો અપ્રસ્તુત કાયદાઓ રદ કરવાનું કામ કર્યું છે. તેમણે કહ્યું કે, આમ કરીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વની સરકારે વકીલો, સમાજ અને અદાલતોને કાયદાના જંગલમાંથી મુક્ત કરવાનું કામ કર્યું છે. શ્રી શાહે જણાવ્યુ હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારે દેશના હિતમાં સમયને અનુરૂપ અનેક કાયદાઓ પણ ઘડ્યા છે. તેમણે કહ્યું કે કાયદો ઘડતી વખતે, કોઈએ સ્પષ્ટપણે, સંદિગ્ધતા વિના, સરળ અને સ્પષ્ટ શબ્દોમાં વિધાનસભાના ઈરાદાને વ્યકત કરવામાં અચકાવું જોઈએ નહીં.

**ડ્રાફ્ટ્સમેનને ભાષા પર પણ સારી પકડ હોવી જોઈએ કારણ કે આપણી ભાષાની ભાવનાને પ્રતિબિંબિત કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે, માત્ર અનુવાદથી કામ નહીં થાય, પરંતુ તે સ્પષ્ટ રીતે સંદેશ પહોંચાડવો જોઈએ**



**લેજિસ્લેટિવ ડ્રાફ્ટિંગ એ કોઈ વિજ્ઞાન કે કળા નથી, પરંતુ ભાવના સાથે લાગુ કરવાની કૌશલ્ય છે, ધ્યાન હંમેશા ગ્રે વિસ્તારોને ઘટાડવા પર હોવું જોઈએ અને કાયદો સ્પષ્ટ હોવો જોઈએ**



**કાયદાકીય મુસદ્દો બનાવવો એ આપણી લોકશાહીનો એક મહત્વપૂર્ણ ભાગ છે, તેના વિશેની માહિતીનો અભાવ માત્ર કાયદાઓ અને સમગ્ર લોકશાહી પ્રણાલીને નબળો પાડે છે પરંતુ ન્યાયતંત્રના કાર્યને પણ અસર કરે છે**

# ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે લેખક શ્રી જ્યંતિ પરમાર લિખિત આત્મકથા 'મારાં સંભારણા' પુસ્તકનું વિમોચન

## શ્રી જયંતીભાઈ પરમારે જીવન સંઘર્ષ અને સમર્પણ દ્વારા એક આગવી ઓળખ ઊભી કરી છે :- ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત






કમલમ્ ન્યુઝ,

અમદાવાદના ટાગોર હોલ ખાતે ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે કવિ, લેખક સમાજસેવી તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી જયંતિભાઈ પરમાર દ્વારા લિખિત આત્મકથા 'મારાં સંભારણા' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ અવસરે ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું કે, શ્રી જયંતીભાઈ પરમારે પોતાના જીવનમાં સંઘર્ષ અને સમર્પણ દ્વારા એક આગવી ઓળખ ઊભી કરી છે. જયંતીભાઈએ હંમેશા લોકહિતના કાર્યોને પ્રાધાન્ય આપ્યું છે. લોકહિતના કાર્યોની ધારદાર રજૂઆત કરતા મેં તેઓને જોયા છે એમ તેમણે ઉમેર્યું હતું. શ્રી બળવંતસિંહ રાજપૂતે વધુમાં કહ્યું કે, જીવનમાં ધન દોલત કરતા સંસ્કાર મહત્વના હોય છે તેનું ઉદાહરણ શ્રીજયંતીભાઈ પરમાર છે. આ પુસ્તક વિમોચન પ્રસંગે રાજ્યસભાના સાંસદશ્રી નરહરિભાઈ અમીન, અમદાવાદના મેયર શ્રી કિરિટભાઈ પરમાર, મણીનગરના ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટ, રાજ્ય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી આત્મારામભાઈ પરમાર, પૂર્વ મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, વરીષ્ઠ પત્રકાર અને પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલ તેમજ શ્રી જયંતિભાઈ પરમારના પરિવારજનો અને સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઉડાન ના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ.કિરીટભાઈ સોલંકી ના અધ્યક્ષસ્થાને ઉડાન ગુજરાત પ્રદેશ ની રચના કરવા બેઠક યોજાઈ

**ઉડાનનુ રાષ્ટ્રીય અધિવેશન મુંબઈ ખાતે ૩૨ રાજ્યોના જન પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં જુલાઈ મહિનામાં યોજાશેઃ સાંસદ ડો કિરીટભાઈ સોલંકી**




કમલમ્ ન્યુઝ,

ઉડાનના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ.કિરીટભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને આજરોજ અમદાવાદ, એનેક્ષી હોલ ખાતે ઉડાન ગુજરાત પ્રદેશ સંગઠનની રચના માટે રાજ્ય સ્તરીય બેઠક મળી હતી. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સહિત જરુરિયાત મંદ લોકોના કલ્યાણ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે ઉડાન સંગઠનની સ્થાપના ગત તારીખ ૧૨/૨/૨૦૨૩ ના રોજ ડો આંબેડકર ઈન્ટરનેશનલ સેંટર, ૧૫, જનપથ, નવી દિલ્હી ખાતે કુલ ૨૨ રાજ્યના જનપ્રતિનિધિઓ, વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત બુદ્ધિજીવી વર્ગની ઉપસ્થિતિમાં સાંસદશ્રી ડોક્ટર કીરીટભાઈ પ્રેમજીભાઈ સોલંકી ના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે સાંસદ શ્રી ડોક્ટર કીરીટભાઈ સોલંકી ની ઉડાન સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની નિમણુંક કરવામાં આવી હતી. સાંસદ શ્રી ડોક્ટર કીરીટભાઈ સોલંકીના વડપણ હેઠળ ગઠિત ઉડાન સંગઠન ટૂંકા જ ગાળામાં હાલમાં કુલ ૩૨ રાજ્ય સુધી વિસ્તાર થયેલ છે. ગુજરાત રાજ્ય મા પણ ઉડાન સંગઠનને તાલુકા/જિલ્લા સ્તરે વિસ્તાર કરવા માટે ઉડાન ગુજરાત રાજ્ય એકમની રાજ્ય સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું ઉડાન સંસ્થાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને લોકપ્રિય સાંસદ ડૉ.કિરિટભાઈ સોલંકી એ ઉડાન સંસ્થા અંગે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે ઉડાન સંસ્થા ભારત વ્યાપી અને આંતરરાષ્ટ્રીય છે તેની તમામ રાજ્યોમાં શાખા હશે, જેમ કે ઉડાન બિહાર, ઉડાન હિમાચલ પ્રદેશ વિગેરે છે આ સંસ્થાનું સૂત્ર Give Back To Society હશે આમાં સ્વયંસેવકો હશે, જેઓ નિવૃત્ત કર્મચારીઓ અને અધિકારીઓ, વેલ્ફેર એસોસિએશન ના સભ્યો, સામાજિક આગેવાનો, સામાજિક કાર્યકરો, આવા તમામ લોકો હશે. જેતે પ્રદેશનો જિલ્લો તેનું એકમ હશે. આ સંગઠનમાં દરેક સ્વયંસેવકે જે તે જિલ્લામાં પોતાની પસંદગીનું ગામ પસંદ કરવાનું રહેશે. આ સ્વયંસેવકે પોતાના ખર્ચે મહિનામાં એક વાર પોતાની પસંદગીના ગામની મુલાકાત લેવાની રહેશે જે તે ગામડાઓમાં જઈ SC/ST કે ગરીબ લોકોની વસાહતોમાં જઈને ૧.શિક્ષણ ૨. આરોગ્ય ૩. રોજગાર ૪. વ્યસન મુક્તિ ૫. મહિલા સશક્તિકરણ અને ૬. કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભ અપાવવા જેવા વિષયો ઉપર ડેટા કલેક્શન કરવું અને આ ડેટા એકત્ર કરીને જિલ્લા મુખ્ય મથકની ટીમને સોંપી દેવાથી તે ગરીબ લોકોને લાભ મળવાનો છે. જેમ કે કેન્દ્રીય ટીમ દ્વારા શિક્ષણ અને તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી તપાસવી, શિષ્યવૃત્તિ, વિદ્યાર્થી દત્તક જેવી મદદ કરવી આરોગ્યની બાબતમાં જો દર્દીને જિલ્લા હોસ્પિટલમાં કેન્સર અને રોગો માટે ત્વરિત સારવાર મળી રહે અને ઓપરેશન કરાવવાના હોય તેવી જ રીતે રોજગારીની તાલીમ આપીને રોજગારી આપવાનો હેતુ છે વ્યસનમુક્તિ માટે પણ ઝુંબેશ ચાલી રહી છે કેન્દ્રની યોજનાઓના લાભાર્થીઓની યાદી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તેની કેન્દ્રીય ટીમ દ્વારા બહાર લાવવાની રહેશે મહિલા સશક્તિકરણ માટે ઝુંબેશ અને એસએચજી દ્વારા આગળ લાવવામાં આવશે તેમ જણાવ્યું હતું આ પ્રસંગે રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી શ્રી અરુણકુમાર સાધુ એ સંસ્થાના આગામી કાર્યોની વિસ્તૃત માહિતી આપી હતી રાજ્ય સ્તરીય આ બેઠક માં શ્રી ગીરીશભાઈ પરમાર કેબિનેટ મંત્રીશ્રી શ્રી જીવરાજભાઈ ચૌહાણ, મહામંત્રી પ્રદેશ ભાજપ અનુસૂચિત જાતિ મોરચા, શ્રી આર એમ જાદવ નિવૃત્ત IAS, ગુજરાત રાજ્ય અધ્યાપક મંડળના અધ્યક્ષ પ્રોફેસર રાજેન્દ્રભાઈ જાદવ, વિક્રમભાઈ ચૌહાણ, નરેશભાઈ વ્યાસ સહિત ગુજરાત રાજયના વિવિધ જિલ્લાઓમાંથી સામાજિક આગેવાનો, કર્મશીલ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી જરૂરી સૂચનોકરી રાષ્ટ્રીય અધ્યક્ષનું માર્ગદર્શન મેળવ્યું હતું.

# સુરત નવી સિવિલ ખાતે 'ધ ટ્રેઈન્ડ નર્સિંસ એસોસિયેશન ઓફ ઈન્ડિયા' સુરત બ્રાન્ચ દ્વારા 'આંતરરાષ્ટ્રીય નર્સ ડે'ની ઉત્સાહભેર ઉજવણી

## સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતી ૬૦૦થી વધુ નર્સનું સૌપ્રથમવાર નેમટેગ વડે સન્માન



### અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના દિલીપદાદા દેશમુખની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ,

સુરત નવી સિવિલ હોસ્પિટલના ઓડિટોરિયમ ખાતે 'ધ ટ્રેઈન્ડ નર્સિંસ અસોસિએશન ઓફ ઈન્ડિયા'-સુરત બ્રાન્ચ દ્વારા 'આંતરરાષ્ટ્રીય નર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નવી સિવિલમાં વર્ષોથી નર્સિંગ સ્ટાફમાં ફરજ બજાવતી ૬૦૦થી વધુ નર્સને તેમના વિશેષ યોગદાન બદલ હોદ્દાની નેમ ટેગ અને પેન આપી બિરદાવ્યા હતા. સાથે નર્સિંગ વિદ્યાર્થીઓએ 'અંગદાન મહાદાન'ના પોસ્ટર દ્વારા જનજાગૃતિનો સંદેશો પણ આપ્યો હતો. આ પ્રસંગે અંગદાન ટ્રસ્ટના દિલીપદાદા દેશમુખે તેમના લીવર ટ્રાન્સપ્લાન્ટના સ્વ-અનુભવની વાત કરતા ડૉક્ટર સાથે નર્સે દાખવેલી લાગણી અને કુશળતાની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતુ કે, ઓપરેશન થયા બાદ દાખલ દર્દીઓની સારસંભાળ માટે નર્સ સૌથી વધુ સમય વિતાવે છે અને દર્દીની કાળજી લે છે. નર્સને મળેલી 'સિસ્ટર'ની ઉપમાની વિશેષતા જણાવી તેમણે દર્દી અને નર્સ વચ્ચેના આત્મીય સંબધોનું મહત્વ જણાવ્યું હતુ. હોસ્પિટલમાં પરસ્પર સમભાવ સાથે દર્દીઓના દુ:ખમાં સહભાગી થતી નર્સને તેમણે 'નર્સિંગ યોદ્ધાઓ' તરીકે બિરદાવ્યા હતા. આ પ્રસંગે સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ.ગણેશ ગોવેકરે કહ્યું હતું કે, દર્દીઓની સારવાર કરવામાં તબીબો દ્વારા લખેલું પ્રિસ્ક્રિપ્શન પરિપૂર્ણ કરવામાં નર્સનો ફાળો ખૂબ મહત્વનો હોય છે. નર્સિંગ કાઉન્સીલના ઈકબાલ કડીવાલાએ ઉદબોધનમાં જણાવ્યું હતું કે, નર્સ હોસ્પિટલમાં દાખલ દર્દીઓની સેવામાં હંમેશા સમર્પિત હોય છે. સમગ્ર વિશ્વમાં આરોગ્ય ક્ષેત્રે ભારતીય નર્સનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યુ છે એ વાતની પ્રતીતિ કોરોનાકાળે બખૂબી કરાવી છે. સ્વસ્થ ભારતનું નિર્માણ થાય અને ભારત દેશ દુનિયામાં તમામ ક્ષેત્રોમાં અગ્રેસર બને એ જ અમારો ધ્યેય છે એમ તેમણે ઉમેર્યું હતું. આ અવસરે નવી સિવિલના નર્સિંગ સ્ટાફે કેક કાપી હતી. તેમજ સરકારી નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ઓર્ગન ડોનેશન વિષય આધારિત નુક્કડ નાટક અને ટી એન્ડ ટી.વી. નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા હેલ્પીંગ હેન્ડનું નાટકની રજૂ કર્યું હતું. સાથે જ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ સામૂહિક 'અંગદાન મહાદાન'ની પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે સરકારી મેડિકલ કોલેજના ડીન અને માનસિક રોગ વિભાગના વડા ડો.ઋતંભરા મહેતા, આર.એમ.ઓ. ડો.કેતન નાયક, સરકારી નર્સિંગ કોલેજના આચાર્ય ડો. ઈન્દ્રાવતી રાવ, અધિક તબીબી અધિક્ષક ધારિત્રીબેન પરમાર, નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ સુમતિ ગાવડે, સ્લમ કમિટીના ચેરમેન દિનેશ રાજપુરોહિત, ડો.નિલેષ કાછડીયા, યુનિ. સિન્ડીકેટ સભ્ય ટીબી અને ચેસ્ટ વિભાગના વડા ડો.પારૂલ વડગામા, કૈલાસજી હકીમ, નિલેષ લાઠીયા, વિભોર ચૂગ, વિવિધ કોલેજના આચાર્યશ્રીઓ, સામાજિક અગ્રણીઓ, ફેકલ્ટી ઈન્ચાર્જ, બ્રધર્સ તેમજ હેડનર્સ, સ્ટાફનર્સ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યના પ્રથમ ઓપન વેબ ગર્ડર કીમ રેલવે ઓવરબ્રિજનું કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશના હસ્તે લોકાર્પણ

## રાજ્ય સરકારે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સમાન ધોરણે વિકાસકામોને હંમેશા પ્રાથમિકતા આપી છે: વન,પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ



કમલમ્ ન્યુઝ,

ઓલપાડ તાલુકાના કીમ ખાતે રૂ.૬૫ કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું કેન્દ્રીય રેલ્વે અને ટેક્સટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશના હસ્તે વન પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કીમ ખાતે ૭૨ મીટર સ્પાન ROB ધરાવતો રાજ્યનો પ્રથમ ઓપન વેબ ગર્ડર રેલ્વે ઓવરબ્રિજનો એક તરફનો ઓવરબ્રિજ પ્રજા માટે ખુલ્લો મૂકાતા અંદાજીત ૪૦ ગામની સવા લાખથી વધુની વસ્તીને ટ્રાફિકની સમસ્યાથી છુટકારો મળશે. રોજબરોજ આવાગમન કરતા હજારો વાહનચાલકોને રાહત થશે. આ અવસરે કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દરેક શહેરનું રેલવે સ્ટેશન એ 'હાર્ટ ઓફ ધ સિટી' હોય છે. સિટીના ડેવલપમેન્ટ માટે સ્ટેશન નજીકના વિસ્તારમાં વિકાસલક્ષી કાર્યો હમેશાં પ્રગતિમાં હોય છે, ત્યારે સ્થાનિક જનતા અને વાહનચાલકોની સુવિધા વધારવી એ રેલવે તંત્રનું ધ્યેય રહ્યું છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રેલવે મંત્રાલયે રેલવે સ્ટેશનોના વિકાસ માટે અમૃત ભારત સ્ટેશન યોજના શરૂ કરી છે. જેના ભાગરૂપે કીમ, ઉતરાણ અને સાયણ રેલવે સ્ટેશનનો પણ આ યોજનામાં સમાવેશ કરાયો છે. વધુમાં શ્રીમતી જરદોશે જણાવ્યું હતું કે, આવનાર સમયમાં સુરત રેલવે સ્ટેશનની કાયાપલટ થવાથી મલ્ટી મોડેલ રેલવે સ્ટેશન વિકસિત થશે. જ્યાં રેલવે, જીએસઆરટીસી સિટી બસ ટર્મિનલ સ્ટેશન અને મેટ્રોને એકીકૃત કરીને અવિરત ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી ઉપલબ્ધ બનશે. નવું અત્યાધુનિક સ્ટેશન બિલ્ડિંગ આર્થિક પ્રવૃત્તિઓની સાથે વ્યવસાય, વેપાર અને વાણિજયનું કેન્દ્ર બનશે. આ અવસરે વન,પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્ર તથા રાજ્ય સરકારના પારદર્શક વિકાસલક્ષી આયામોથી કીમ સહિત આવશ્યક રેલવે સ્ટેશનો ખાતે ઈન્ફ્રાસ્ટ્રકચરના કાર્યોને વેગ મળ્યો છે. આવનાર સમયમાં તમામ રેલવે લાઈનને ક્રોસ કરતા રસ્તાઓ પર ઓવરબ્રિજોનું નિર્માણ કરી 'ફાટક ફ્રી' ગુજરાત બનાવવાની દિશામાં સરકાર કાર્યરત છે. રાજ્ય સરકારે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સમાન ધોરણે વિકાસકામોને હંમેશા પ્રાથમિકતા આપી છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ભાવેશભાઈ પટેલ, માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર જતિનભાઈ પટેલ, વડોદરા ડિવિઝનના ડીઆરએમ જિતેન્દ્રસિંઘ, ડી.ઈ.સી.સી.ના જનરલ મેનેજર સંદેશ શ્રીવાસ્તવ, ઓલપાડ તાલુકા પંચાયત સભ્યો, સરપંચશ્રી પ્રવીણભાઈ પટેલ, ડે.સરપંચ મનોજભાઈ મેવાડ, અગ્રણી સર્વશ્રી ભાવેશભાઈ, સુનિલભાઈ પટેલ, કુલદીપભાઈ, કીમ ગામ પંચાયતના સભ્યો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ક્ષય દર્દીઓ માટે સુરત જિલ્લા પંચાયત અને જિલ્લા ક્ષય કેન્દ્ર-સુરતના સરાહનીય પ્રયાસો

## સુરત જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૨૦૦૦ જરૂરિયાતમંદ ક્ષયના દર્દીઓને કુલ ૬૦૦૦ પોષણયુક્ત આહાર કીટ પૂરી પાડવામાં આવી







કમલમ્ ન્યુઝ,

આરોગ્ય કર્મચારીઓ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારના ક્ષયના દર્દીઓ માટે સરકાર દ્વારા મળતી સહાય ઉપરાંત લોકભાગીદારીથી દર્દીઓની મૂળભૂત અને આવશ્યક જરૂરિયાતો પૂરી કરવા માટે વિશેષ કામગીરી કરવામાં આવી છે. ૧૦૦ જેટલા દાતાશ્રીઓના સહયોગથી એપ્રિલ-૨૦૨૨ થી એપ્રિલ-૨૦૨૩ દરમિયાન છેલ્લા એક વર્ષમાં ૨૦૦૦ જેટલા જરૂરિયાતમંદ ક્ષયના દર્દીઓને કુલ ૬૦૦૦ જેટલી પોષણયુક્ત આહારની કીટ પૂરી પાડવામાં આવી છે. જેની પ્રતિ કીટનો દર અંદાજે રૂ. ૭૫૦/- થી રૂ. ૨૦૦૦/- છે. ક્ષયની બીમારી થયા બાદ દર્દીની શારીરિક કાર્યક્ષમતા ખુબ જ ઓછી થઈ જાય છે. જે પરિવારોમાં મુખ્ય કમાનાર વ્યક્તિ ક્ષયગ્રસ્ત થાય તો તેના પરિવારોની આર્થિક પરિસ્થિતિ કફોડી બને છે. આ બાબતને ધ્યાને લઈને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. અનિલ પટેલ, જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના માર્ગદર્શન હેઠળ, જિલ્લા ક્ષય કેન્દ્ર-સુરતના જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડો. દિનેશ વસાવા અને આરોગ્ય કર્મચારીઓના વિશેષ પ્રયત્નોથી પોષણયુક્ત આહારની કીટ વિતરણના ઉમદા કાર્યમાં સફળતા હાંસલ થઈ છે. પરિણામે ક્ષયના જે દર્દીઓ હતાશા અનુભવી રહ્યા હતા, તેઓમાં ઝડપથી સ્વસ્થ જીવન જીવવા માટેનો ઉમંગ જોવા મળ્યો છે.

# રાજકોટમાં રાજ્યસરકાર દ્વારા આયોજિત સમર કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન



કમલમ્ ન્યુઝ,રાજકોટ,

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત તથા જિલ્લા રમત વિકાસ કચેરી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે વેકેશન દરમિયાન બાળકોમાં ખેલકુદ પ્રવૃતિઓને ઉત્તેજન આપવાના હેતુસર તા. ૦૧થી ૧૦ મે દરમિયાન સમર કેમ્પ યોજાયો હતો. જેમાં નિષ્ણાત કોચ દ્વારા ચેસ, બેડમિન્ટન, ખો-ખો, કબડ્ડી, બાસ્કેટ બોલ, વોલી બોલ, લૉન ટેનિસ, તીરંદાજી, એથ્લેટિક્સ અને યોગાસનની તાલીમ અપાઈ હતી. રાજકોટ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી રમાબેન મદ્રાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે રાજકોટમાં ૧૨ સ્થળોએ આયોજિત દસ દિવસીય સમર કેમ્પમાં ૧૭ વર્ષથી ઓછી વયના ૯૦૦ જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક રમતમાં ૩૫ બહેનો અને ૪૦ ભાઈઓ એમ કુલ ૭૫ ખેલાડીઓ જોડાયા હતા. જે પૈકી રમત-ગમતની સ્પર્ધાઓમાં જિલ્લા અને રાજ્યકક્ષાએ પ્રતિનિધિત્વ કરી શકે, તેવા શ્રેષ્ઠ ૧૦ રમતવીરોનો આગામી તાલીમ કાર્યક્રમમાં સમાવેશ કરવા ભલામણ કરાઈ હતી. તેમણે ઉમેર્યું હતું કે સમર કેમ્પ થકી બાળકોમાં રહેલા રમત-ગમત કૌશલ્યને ખીલવવાનો ઉદેશ પરિપૂર્ણ થયો હતો. કેમ્પમાં બાળકોને જે-તે રમતનું શિક્ષણ, રમતગમતના સાધનોની જાણકારી ઉપરાંત પ્રેક્ટીસ માટે મોકળું મેદાન પૂરું પડાયું હતું. આથી, 'જ્ઞાન સાથે ગમ્મત'નું ઉત્તમ દ્રષ્ટાંત એવા સમર કેમ્પને વાલીઓ અને બાળકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો.

# ટંકારા ગામના ૫૫ વર્ષનાં માછીમારીનો વ્યવસાય કરતાં હાજી ભાઈને છે હવે રહેવા માટે 'ઘરનું ઘર'



કમલમ્ ન્યુઝ,મોરબી

'૧૨ મે'ના રોજ રાજ્યનાં અનેક ગામોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત 'ઘરના ઘર'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઘરવિહોણા પરિવાર કે જેમની પાસે પોતાનો કોઈ રહેવાનો આસરો ન હોય ત્યારે ફરજિયાત પણે ઊંચા ભાડા આપીની ભાડે રહેવું પડે છે. આ અગવડતાને દુર કરવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાસ આવા નાના પરિવારો માટે શરૂ કરી છે 'પ્રધાનમંત્રી આવાસ યોજના' માછીમારી ના વ્યવસાય સાથે સંકળાયેલ તેમજ મજૂરી કામ કરીને અગાઉ ભાડે રહેતા ટંકારા ગામના ૫૫ વર્ષનાં ભટી હાજીભાઈ બચુભાઈ પાસે છે હવે રહેવા માટે પોતાનું પાકું મકાન તેઓ આ યોજનાના લાભથી ખૂબ જ ખુશ થઈને કહે છે કે, "અમારે રહેવા માટે કંઈ આસરો ન હતો. મજૂરી કામ કરીને ગુજરાન ચલાવતા અને ભાડાના મકાનમાં રહેતા હતાં. એ ભાડુ પણ અમને પડવડે નહીં એટલું હતું. પ્રધાનમંત્રી આવાસ યોજનાના કારણે હવે અમે ભાડાના મકાનમાં ન રહેતા, અમારા પોતાના મકાનમાં રહેવાનું સપનું પૂરું થયું. કારણકે મજૂરી કામ કરીને આવું પાકું મકાન બનાવવાની અમારી પરિસ્થિતિ ન હતી. હવે આ યોજનાની મદદથી અમારા 'ઘરના ઘર'માં રહીને ભાડાના રૂપિયા બચાવીને તેનો સદુપયોગ કરીશું. "

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુકમા દ્વારા આયોજિત કેમ્પમાં સર્ગભા માતાના સ્વાસ્થ્યની તપાસ કરાઈ



કમલમ્ ન્યુઝ,

કચ્છના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુકમા અંતર્ગત આવેલી કોટડા ઉગમણા ડિસ્પેન્સરી ખાતે એએનસી આરોગ્ય સારસંભાળ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં સગર્ભા માતાની ઉંચાઈ, વજન, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, હીમોગ્લોબિન, સિફિલીસ વગેરેની તપાસ કરીને જરૂરી તબીબી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, સર્ગભા માતાઓના થેલેસેમિયા ટેસ્ટ માટેના સેમ્પલ લઈને તપાસ અર્થે મોકલવામાં આવ્યા હતા. આયુષ મેડિકલ ઓફિસર ડૉ.ધારા અજાણી દ્વારા સગર્ભાવસ્થાના દિવસો દરમિયાન રાખવાની કાળજી, આહાર, રસીકરણ અને સોનોગ્રાફી વિશે સર્ગભા માતાઓને વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. વધુ સારવારની જરૂર જણાય એવા કિસ્સામાં સર્ગભા માતાઓને જરૂર પડ્યે ભુજ શહેર રીફર કરવામાં આવ્યા હતા. આ આરોગ્ય કેમ્પનો કુલ ૪૯ સગર્ભા માતાએ લાભ લીધો હતો. સર્ગભા માતાઓને કેમ્પના સ્થળ સુધી પહોંચવામાં કોઈ તકલીફ ના પડે તે માટે ખિલખિલાટ વાનની સેવાનો ઉપયોગ કરાયો હતો. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર.આર. ફૂલમાલી તથા ભુજ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. કેશવકુમારના માર્ગદર્શન હેઠળ કુકમાના મેડિકલ ઑફિસર ડૉ. પ્રિન્સ ફેફર દ્વારા કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમ્યુનિટી હેલ્થ ઓફિસર દ્વારા સગર્ભા માતાના આયુષ્માન કાર્ડ પણ બનાવવામાં આવ્યા હતા. સ્થાનિક FHS, FHW, MPW અને આશા બહેનોએ કેમ્પને સાર્થક બનાવી મહત્તમ સર્ગભા માતાઓ જાગૃત થાય તે દિશામાં પ્રયત્નો કર્યા હતા.

# ગાંધીધામ તાલુકાના ત્રણ ગામોમાં ૧૦ આવાસના લોકાર્પણ સાથે ૨૫ આવાસનું ખાતમુહૂર્ત કરાયું



કમલમ્ ન્યુઝ,ભુજ,

ગાંધીધામ તાલુકાના પડાણા ગામે યોજાયેલા તાલુકા કક્ષાના "અમૃત આવાસોત્સવ" કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આગેવાનોની હાજરીમાં રીબીન કાપી,ચાવી અર્પણ કરી પ્રધાન મંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ અર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તથા મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરી દરેક લાભાર્થીને વૃક્ષ ઉછેર માટે દત્તક આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે પડાણા ગામને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ફાળવવામાં આવેલા મિની ટિપરની ચાવી પડાણાના સરપંચ તથા તલાટીને અર્પણ કરી ગામ માટે સફાઈ વાહનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું આવાસ અમૃતોત્સવ અંતર્ગત પડાણા ગામની જાહેર જગ્યાઓમાં ગામ લોકો દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આંગણવાડીની બહેનો દ્વારા વાનગી હરીફાઈ યોજવામાં આવી હતી. સખીમંડળની બહેનો દ્વારા પ્રભાતફેરી કાઢવામાં આવી હતી તથા યોગ કરવામાં આવ્યા હતા. પડાણા ગામના પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી શ્રીવિભા કરના રબારી દ્વારા આવાસ મળ્યા પહેલા કેવી પરિસ્થિતિ હતી તથા આવાસ મળ્યા બાદની એમની પરિસ્થિતિનું ભાવપૂર્ણ વર્ણન કરવામાં આવ્યુ હતું. ત્યાર બાદ અમૃત આવાસોત્સવ કાર્યક્રમ બાયસેગ મારફતે ગામની શાળામાં પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ, લાભાર્થીઓ તથા ગામના આગેવાનો દ્વારા નિહાળવામાં આવ્યો હતો. તાલુકા કક્ષાના આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે.પ્રજાપતિ, ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જી.કે.રાઠોડ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ભરતસિંહ જાડેજા, તાલુકા વિકાસ અધિકારી શ્રીમતી પિંકીબેન ચૌધરી, સિંચાઈ સમિતિના ચેરમેનશ્રી ધનજી ભાઈ હુંબલ, શ્રી બાબુભાઈ ગુજરીયા, ગામના સરપંચ શ્રી ઉત્તમભાઈ ઝરું, મ.તા.વિ.અ.શ્રી મહેશ ભાઈ તથા કર્મચારીશ્રીઓ અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા મદદનીશ તાલુકા વિકાસ અધિકારી અંજનાબેન કોટક તથા તેમની ટીમએ જહેમત ઉઠાવી હતી.

# લોક અદાલત સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણમાર્ગ









કમલમ્ ન્યુઝ,

મે. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રિમ કોર્ટ, દિલ્હી દ્વારા લોક અદાલતના નિર્ધારિત વાર્ષિક કાર્યક્રમ મુજબ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનાં આદેશાનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડિયાદના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી. એ. આઈ. રાવલના અધ્યક્ષતામાં અને માર્ગદર્શન હેઠળ તા.૧૩/૦૫/૨૦૨૩ શનિવારના રોજ જિલ્લા ન્યાયાલય, નડિયાદ મુકામે આવેલ કોર્ટો સહિત ખેડા જિલ્લાના તમામ તાલુકા મથકે કાર્યરત કોર્ટો ખાતે નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૩/૦૫/૨૦૨૩ના રોજની નેશનલ લોક અદાલત અગાઉ વધુમાં વધુ કેસોનો સમાધાન રાહે નિકાલ કરી શકાય તેવા ઉમદા હેતુસર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય નડિયાદના ફુલ ટાઈમ સેક્રેટરી શ્રી. જે આર. પંડીતે લોક અદાલતના લાભો વિષે માહિતી આપી જણાવ્યું હતું કે લોક અદાલત સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ છે, લોક અદાલતમાં કેસનો નિકાલ થવાથી બંને પક્ષકારોને ઘરે દીવો પ્રગટે છે, લોક અદાલતમાં કેસોનો નિકાલ-ચુકાદો આખરી હોઈ અપીલની જોગવાઈ હોતી નથી, કોર્ટ ફીની રકમ કોર્ટ ફી એક્ટ મુજબ પરત મળવાપાત્ર છે, અન્ય કોઈ ખર્ચ થતો નથી જેથી વધુમાં વધુ લોકો લાભ લેતેવી અપીલ કરી હતી. જેનાં સાર્થક પરિણામ સ્વરૂપે આ નેશનલ લોક અદાલતમાં કોર્ટોમાં ચાલી રહેલાં પેન્ડિંગ કેસોમાના મોટર વાહન અકસ્માત વળતરના ૧૫૮કેસોમાંરૂ.૬,૮૫,૬૭,૦૦૦/-, નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ ૧૩૮ નાં ચેક રિટર્નના ૮૭૭ કેસોમાં રૂ.૧૪,૧૫,૩૩,૨૬૦/-, એન.સી. પ્રકારનાં ૧૩૫ કેસો, સ્પેશીયલ સીટિંગ ઓફ મેજીસ્ટ્રેટ કોર્ટમાં લાગુ પડતાં ૧૫૯૭ કેસો, બેંક/મની રિકવરીના ૫૯ કેસોમાં રૂ.૨,૫૭,૯૦,૩૪૧/-, લગ્નવિષયક દાવાઓના ૨૦૪ કેસોમાં રૂ.૩૮,૮૮,૦૬૬/-, વીજળી-પાણી બિલ લેણાંનાં ૨૯૧ કેસોમાં રૂ.૧૦,૪૧,૦૯૬/-, અન્ય સિવિલ દાવાઓનાં ૧૧૦ કેસોમાં રૂ.૧,૪૬,૮૭,૦૫૯/-, સમાધાનલાયક તથા અન્ય ક્રિમીનલ કેસોના ૩૯ કેસોમાં રૂ.૧,૭૧,૦૨,૦૧૪/- તથા ફેમિલી કોર્ટના ૨૨ મળીને ૩૪૯૨ જેટલાં પેન્ડિંગ કેસોની સાથે રાષ્ટ્રીયકૃત બેંકો, મધ્ય ગુજરાત વીજ કંપની, અન્ય નાણાકીય સંસ્થાઓનાં લેણી રકમના કોર્ટમાં દાખલ નહીં કરાયેલ તેવા પ્રિલિટિગેશન પ્રકારનાં ૭૦૫કેસો તથા ટ્રાફીક નિયમ ભંગને લગતાં ટ્રાફીક ચલણનાં ૩૧૧ કેસોમાં રૂ.૧,૫૨,૩૦૦/- સહિત રૂ.૨૭,૨૬,૬૧,૧૩૬/- જેટલી સમાધાન વળતરની રકમનાં કુલ-૪૫૦૮ કેસોનો નિકાલ કરવામાં આવ્યો. આ લોક અદાલતમાં ઉપસ્થિત વકીલશ્રીઓ, બેંકો, વીમા ફાયનાન્સ કંપનીઓ, તથા એસ.ટી. નિગમનાં પ્રતિનિધિઓ તથા પક્ષકારો સહિત તમામના સહયોગથી ઉત્કૃષ્ટ પરિણામ મળેલ છે તેવું જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડિયાદનાં ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી. એ આઈ. રાવલે અખબારી યાદીમાં જણાવેલ છે.

